STATE HUMAN RIGHTS COMMISSION

GUJARAT

**From Human Being to Being Humane**

STATE HUMAN RIGHTS COMMISSION GUJARAT
From Being Human to Being Humane

# ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ

પમો માળ, બ્લોક નં. 1, કર્મયોગી ભવન, સેક્ટર-10એ, ગાંધીનગર-382 010, ગુજરાત.

ફોન : 079-23257546 | ફેક્સ : 079-23257596

Emai: ds-hurc@gujarat.gov.in, commi-hurc@gujarat.gov.in
Website: www.gshrc.gujarat.gov.in



# માનવ અધિકારના સ્ત્રોત

- મેગ્નાકાર્ટા અભિલેખ (ઇ.સ.૧૨૧૫)ને માનવ અધિકારના સ્ત્રોત તરીકે ગણાવામાં આવે છે. જેમાં રાજ્યની એક હથ્થુ સત્તા સામે સંસદની બંધારણીયતાનો વિજય થતો હતો.
- ૧૮મી સદીમાં જ્હોન લોક, મોન્ટેસ્ટયુ, વોલ્ટેર અને રૂઓના લખાણોથી વ્યક્તિ સ્વાતંત્ર્યની વિચારસરણીનો ઉદ્દ્ભવ થયો હતો.
- ૧૭૭૯માં અમેરિકાની સ્વાતંત્ર્ય ઘોષણા
- ૧૭૮૯માં ફ્રાંસની ક્રાંતિ – માનવ અધિકાર ઘોષણા.
- ૧૯૩૬ રશિયામાં હક્કોની જાહેરાત નાગરિકોને અધિકારોને બંધારણીય માન્યતા.
- ૧૯૪૬ – જાપાન
- ૧૯૪૮ – સ્વીટઝરલેન્ડ
- ૧૯૫૦ – ભારત
- ૧૯૫૪ – ચીન
- માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૨૧ અનુસાર ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની રચના સને -૨૦૦૬ માં કરવામાં આવી છે.

# ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના સભ્યોની વિગત.

❖ માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૨૧ અનુસાર ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ નીચે મુજબના સભ્યોનુ બનેલ છે.

૧. અધ્યક્ષ કે જેઓ ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ રહી ચૂક્યા હોય
૨. એક સભ્ય કે જેઓ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ અથવા જિલ્લા ન્યાયાધીશ તરીકે ઓછામાં ઓછા સાત (૭) વર્ષના અનુભવ સાથે રાજયમાં જિલ્લા ન્યાયાધીશ હોય કે રહી ચૂક્યા હોય.
3. એક સભ્ય કે જેઓ માનવ અધિકારોને લગતી બાબતોનું જ્ઞાન અથવા પ્રત્યક્ષ અનુભવ ધરાવતા હોય.
૪. એક સેક્રેટરી કે જેઓ રાજ્ય આયોગના મુખ્ય કારોબારી અધિકારી રહેશે અને આયોગ તેને સોંપે તેવી સત્તા વાપરશે અને કાર્યો બજાવશે.

# માનવ અધિકાર એટલે શું ?

- માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ ૨(૧)(ઘ) માં વ્યાખ્યા કર્યા મુજબ "માનવ અધિકાર" એટલે સંવિધાનથી બાહેંધરી આપેલ અથવા આંતરરાષ્ટ્રીય કરારનામાઓમાં સમાવેલા અને ભારતમાં ન્યાયાલયો અમલમાં મૂકી શકે તેવા વ્યકિતઓના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવને લગતા અધિકારો.

# કયા અધિકારોનો માનવ અધિકારની વ્યાખ્યામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે ?

- વિશ્વના રાષ્ટ્રોની સામાન્ય સભામાં માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા કરવામાં આવેલી છે તે અધિકારોને માનવ અધિકારની વ્યાખ્યામાં સમાવિષ્ટ કરવામાં આવેલા છે.
- માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણામાં અનુચ્છેદ-૧ થી 30 માં જણાવ્યા મુજબના અધિકારો નો સમાવેશ માનવ અધિકારમાં થાય છે કે જે ભારતીય બંધારણના આર્ટીકલ-૧૯ ના મૂળભૂત હક્કોમાં પણ તેનો સમાવેશ થયેલો છે પરંતુ ભારતીય બંધારણના કાયદામાં દર્શાવેલા તમામ મૂળભૂત અધિકારોનો માનવ અધિકારમાં સમાવેશ થતો નથી.

# ફરિયાદ નિવારણ
# માટે સંપર્ક

(૧) <u>રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ</u> :


માનવ અધિકાર ભવન,
બ્લોક નં.૪, જી.પી.ઓ.કોમ્પ્લેક્ષ, નવી દિલ્હી-૧૧૧ ૦૨૩

**Tel.No. :- 24651330, 24663333.**

**Fax:- No. 24651332**

**E-Mail:- cr.nhrc@nic.in**

**Website:- www.nhrc.nic.in**

# ફરિયાદ નિવારણ માટે સંપર્ક

## (૨) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ

કર્મયોગી ભવન, બ્લોક નં-.૧, ચોથો/પાંચમો માળ,
સેકટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં : - (૦૭૯) ૨૩૨ ૫૭૫૪૬
ફેકસ નઃ- (૦૭૯) ૨૩૨ ૫૭૫૯૬

Email: ds-hurc@gujarat.gov.in, commi-hurc@gujarat.gov.in
Website: www.gshrc.gujarat.gov.in

# આયોગને લગતી કાયદાકીય બાબતો

- માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-30 અનુસાર સંબંધિત જિલ્લાની સેસન્સ કોર્ટને માનવ અધિકાર કોર્ટ તરીકે જાહેર કરવામાં આવેલ છે.
- માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-3૧ અનુસાર રાજ્ય સરકારે ૭(સાત) વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતા વકીલને સ્પેશ્યલ પ્રોસીક્યુટર તરીકે નિમવાની જોગવાઈ કરવામાં આવી છે.
- માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-3૯ અનુસાર રાજ્ય આયોગના દરેક સભ્ય અને અધિકૃત કરેલ દરેક અધિકારી ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૨૧ ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે.

# આયોગને લગતી કાયદાકીય બાબતો

- માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૩૬(૧) અને (૨) ની જોગવાઈ મુજબ નીચેની બાબતો આયોગની હકૂમતમાં આવતી નથી.

(૧) ન્યાયાધીન હોય તેવી બાબતો

(૨) એક વર્ષથી વધુ સમય વીતી ગયો હોય તેવા બનાવ.

# રાજ્ય આયોગમાં તા.૧-૪-૧૭ થી ૩૧-૩-૧૮ સુધીના કેસોની વિગત

| ક્રમ | કેસનો પ્રકાર | મળેલ કેસો | નિકાલ કેસો | પડતર કેસો |
|---|---|---|---|---|
| ૧ | પીટીશન(ફરિયાદો) | ૨૮૮૫ | ૨૮૧૫ | ૭૦ |
| ૨ | કસ્ટોડીયલ ડેથ | ૫૭ | ૧૭ | ૪૦ |
| ૩ | પ્રેસ/સુઓમોટો કેસ | ૧૧૬ | ૮૬ | ૩૦ |

# અરજી કરતાં પૂર્વે ધ્યાનમાં રાખવા જેવી બાબતો

- અરજી અંગ્રેજી, હિન્દી અથવા ગુજરાતી ભાષામાં નીચેની માહિતી સાથેની હોવી જોઇએ.

(ક) અરજદારનું નામઃ -

(ખ) પિતા/પતિનું નામઃ -

(ગ) પૂરૂં સરનામું (મોબાઇલ નંબર જો હોય તો લખવો જેથી સરળતા રહેશે.) -

(ઘ) જેને લગતી નારાજગી હોય તે સત્તાધિકારી, કચેરી અથવા મંત્રાલયની પૂરી વિગતઃ-

# અરજી કરતાં પૂર્વે ધ્યાનમાં રાખવા જેવી બાબતો

(ચ) કારણોની પૂરી વિગત જેમ કે, બનાવ, સ્થળ, તારીખ, મહિનો, વર્ષ, સાક્ષીની માહિતી
(છ) આધાર પૂરાવા જો હોય તોઃ
(જ) આ પહેલાં જે સત્તાધિકારી, કચેરી અથવા મંત્રાલયનો સંપર્ક કર્યો હોય તો તેણે લીધેલ પગલાંની વિગતો સાથે જોડવી.
(ઝ) આ અગાઉ આયોગનો સંપર્ક કરેલ હોય તેવા કિસ્સામાં તે અરજીના પરિણામ સાથે અરજીમાં ઉલ્લેખ કરવો.
(ટ) અરજીમાં અરજદારની સહી અથવા અંગૂઠાનું નિશાન કરવું.
(ઠ) શક્ય હોય તો અરજી સાથે અરજદારનું સોગંદનામુ જોડવું, જો સોગંદનામું સામેલ હશે તો વિશેષ નોંધ લેવામાં આવશે.
(ડ) બનાવ બન્યાના એક વર્ષની અંદર અરજી કરવી જોઇશે.